### અમરેલીના વતની અને પેટલાદમાં રહેતા ઇસમે ઘરફોડ ચોરીઓ કરી કરોડોની મિલકત ઊભી કરી

# આણંદમાંથી કરોડપતિ ચોર પકડાયો

## જયેશ પટેલે એકલાં હાથે દિવસે 100 વધુ ચોરીઓને અંજામ આપ્યો : વેપારીનો સ્વાંગ રચી ચોરી કરવા માટે કારનો ઉપયોગ કરતો હતો : નડિયાદની સાત ચોરીની કબૂલાત પણ કરી

ભાસ્કર ન્યૂઝ. આણંદ

આણંદ સહિત રાજ્યમાં દિવસના સમયે બંધ મકાનમાં ઘરફોડ ચોરીઓ કરી કરોડો રૂપિયાની મિલ્કત ઉભી કરનાર રીઢો ઘરફોડિયો પેટલાદના બાંધણી ચોકડીથી વટાવ સ્ટેન્ડ પાસેથી આણંદ પોલીસના હાથે ઝડપાઇ ગયો હતો. એકલા હાથે જ ચોરી કરવાની ટેવવાળો અમરેલીનો વતની અને હાલમાં પેટલાદમાં રહેતો રીઢા ચોર જયેશ પટેલે બે વર્ષમાં 100 ઉપરાંત સ્થળે ચોરીઓ કરી છે. સાથે સાથે તેણે બે માસમાં નડિયાદ વિસ્તારમાં જ સાત સ્થળે ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

લોકલ ક્રાઇમ બ્રાન્ચ પોલીસના જણાવ્યાં મુજબ આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીઓના બનાવો વધી ગયાં હતાં. લાખ કોશિષ કરવા છતાં ઘરફોડ ચોરીઓ રોકવામાં કોઇ સફળતા મળી નહોતી. દરમિયાન આ ચોરીઓ કરનાર ઇસમોને ઝડપી પાડવા માટે પોલીસે કવાયત હાથ ધરી હતી. જેમાં અસંખ્ય ઘરફોડ ચોરીઓમાં અગાઉ ઝડપાયેલ પેટલાદના ગોપાલપુરા ફાટક પાસે રહેતો જયેશ ઊર્ફે રાજુ મોહન પટેલ પેટલાદ તાલુકાના બાંધણી ચોકડીએ કાર લઇને આવનાર હોવાની બાતમી મળી હતી. આ બાતમી આધારે પોલીસે રવિવારે વહેલી સવારે બાંધણી ચોકડીએ વોચ ગોઠવી હતી. દરમિયાન મારુતિ વેગનઆર કાર ત્યાં આવતાં પોલીસે તેને અટકાવી અંદર બેઠેલા ઇસમને બહાર કાઢી નામઠામ પુછતાં તે મૂળ અમરેલીના લાઠી તાલુકાના હજીરાધાર ગામના વતની અને હાલમાં પેટલાદ ગોપાલપુરા ફાટક પાસે રહેતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની વેગનઆર કારની તલાસી લેતાં અંદરથી ચોરી કરવાનું કાતરિયુ, મોટા ડીસમીસ અને ધારદાર બે ચપ્પા મળી આવ્યાં હતાં. આ તમામ બાબતે પુછપરછ કરવામાં આવતાં જયેશ પટેલ કોઈ સંતોષકારક જવાબ ન આપી શકતાં પોલીસે તેની કાર અને ચોરી કરવાના સાધનો સાથે અટકાયત કરી હતી. આ ઇસમની વધુ પુછપરછ કરવામાં આવતાં તેણે બે માસ દરમિયાન નડિયાદ વિસ્તારમાં સાતેક ચોરીઓ કરી હોવાની કબુલાત કરી હતી. આ ઉપરાંત તેણે સુરત, વડોદરા, ગાંધીધામ, આદીપુર, અંજાર, લાઠી, દામનગર, બોરસદ, અમદાવાદ, નડિયાદ વગેરે સ્થળે મળી 100 જેટલી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ અંગે લોકલ ક્રાઇમ બ્રાન્ચ પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### એકલા હાથે ચોરી કરી



**પોલીસના** જણાવ્યાં મુજબ જયેશ પટેલ ચોરી કરવામાં કોઇ સાગરીત રાખતો નહોતો. દિવસે તે બાઇક અથવા કાર લઇને નીકળતો અને કોઇ વિસ્તારમાં આવેલા બંધ મકાનની રેકી કરતો હતો. રેકી કર્યા બાદ પોતાની કાર અથવા બાઇક લઇને જતો અને આ બંધ મકાનમાં તે એકલો જ ચોરી કરતો હતો.

### ચોરને કરોડોની મિલકત

**એલસીબી** પોલીસના જણાવ્યાં મુજબ છેલ્લા દસ વર્ષમાં જયેશ પટેલે અનેક સ્થળે ચોરીઓ કરી તેમાં મળેલા નાણાંમાંથી પેટલાદમાં એક આલીશાન બંગલો બનાવેલ છે. આ ઉપરાંત તેની પાસે ચાર દુકાનો, એક આઇસર ટેમ્પો, છોટા હાથી, સીએનજી રિક્ષા અને એક કાર તેમજ બે બાઇક છે. તેમજ તેણે જમીનમાં પણ નાણાં રોક્યાં છે. બધુ મળી તેની પાસે એક કરોડ કરતાં વધુની મિલ્કત છે. જે તમામ તેણે ચોરીમાંથી ઉભી કરી છે.

### વેપારીનો સ્વાંગ રચ્યો

**જયેશે** કોઇ શંકા ન કરે તે માટે પેટલાદમાં કરિયાણાની સાથે ઠંડા પીણાની દુકાન શરૂ કરી છે. વેપારી બનીને પોતાની પત્ની અને બાળકો સાથે રહેતો હતો.

### બે વખત પાસા થઇ

**જયેશ** પટેલ અગાઉ અનેક ચોરીમાં પકડાયો હતો. વારંવાર ચોરીઓ કરતો હોઇ તેની આ પ્રવૃતિને રોકવા માટે તેને બે વખત પાસા કરવામાં આવી હતી.

### દાગીના ઓગળી નાખતો હતો

**રીઢો** ચોર જયેશ ચોરીમાં આવેલા સોનાના દાગીનાને પોતાના ઘરે જ ઓગાળી નાખતો હતો. તેની લગડી બનાવી પેટલાદ ચાવડી બજાર વિસ્તારમાં આવેલ મહાકાળી જ્વેલર્સવાળા શૈલેષભાઇ સોનીને આપી તેની ઉપર નાણાં લેતો હતો.

# ગળતેશ્વર મામલતદારના ઘર પર તસ્કરોનો હાથફેરો

### ઉતરસંડા ખાતે જીપીએસસીની એક્ઝામમાં ગયા હતા

ભાસ્કર ન્યૂઝ. નડિયાદ

ઠાસરાના દેવાલિયા રામનગર સોસાયટીમાં રહેતા ગળતેશ્વર મામલતદારના ઘર ઉપર તસ્કરોએ હાથફેરો કરતાં ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ બન્યો તે સમયે મામલતદાર ઉતરસંડા પરીક્ષા કેન્દ્ર ખાતે જીપીએસસીની પરીક્ષામાં વ્યસ્ત હતા.

દેવાલિયા રામનગર સોસાયટીમાં ઉમેશભાઈ એસ. શુક્લ રહે છે. તેઓ ગળતેશ્વર મામલતદાર તરીકે ફરજ બજાવે છે. રવિવારે જીપીએસસીની પરીક્ષા હોવાથી તેઓની એક્ઝામ સુપરવાઈઝર તરીકે ઉતરસંડા હાઈસ્કૂલમાં નિમણુંક કરાઈ હતી. તેઓ ઉતરસંડા ખાતે પરીક્ષામાં વ્યસ્ત હતા. ગતરાત્રિના કોઈ અજાણ્યા ઈસમોએ મામલતદારની સરકારી ગાડી પડી હોવા છતાં ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરોએ રાત્રિના સમયે મકાનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા. તેઓએ રૂમમાં મુકેલ તિજોરી તેમજ કબાટો તોડી અંદર મુકેલ દાગીના તથા રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે સ્થાનિક પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જ્યારે બનાવના પગલે લોકોનાં ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. આ બનાવ અંગે મામલતદાર ઘરે આવે બાદમાં ફરિયાદ નોંધાશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.



ઠાસરા તાલુકાના દેવાલિયા ગામે ત્રાટકેલા તસ્કરોએ મામલતદારને પણ બક્ષ્યા ન હતા અને તેમના ઘરમાં ચોરી પણ કરી હતી.

## આયશરની તાડપત્રી કાપી 1.41 લાખના શેમ્પુ તથા પાવડર ચોરાયાં

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ

માતર તાલુકાના સંધાણા ગામની સીમમાં આવેલી એક હોટલ સામે પાર્ક કરેલી આયશર ગાડીમાંથી કોઈ અજાણ્યા ઈસમો તાડપત્રી કાપી શેમ્પુ તથા પાવડરના 228 કાર્ટુન કિંમત રૂ. 1.41 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

માતર તાલુકાના સંધાણા જુના ચોરા પાસે સાઈઠ ઘરા પાસે રહેતાં બાબુભાઈ કાંતિભાઈ ખાંટ આયશર ગાડી લઈ તા.1લી ઓક્ટોબરના રોજ અસલાલી ગોડાઉન ઉપર શેમ્પુ તથા પાવડરના કાર્ટુન ભરવા ગયા હતા. જ્યાંથી તેઓએ આયશર ગાડીમાં શેમ્પુ તથા પાવડરના કુલ 794 કાર્ટુન તથા થેલા આયશર ગાડીમાં ભરી સુરત જવા નીકળ્યા હતા. તેઓ સંધાણા તલસાણિયા દાદા હોટલ સામે રોડ ઉપર આયશર ગાડી પાર્ક કરી ઘરે સુવા માટે ગયા હતા. દરમિયાનમાં રાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ ગાડીના ઉપરના ભાગે તાડપત્રી કાપી તેમાંથી શેમ્પુ તથા પાવડરના કુલ 228 કાર્ટુન કિંમત રૂ. 1.41 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે માતર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.ડી.રાજ ને સોંપવામાં આવી હતી.

## જિલ્લામાં ચોરીના બે બનાવોમાં રૂ.20500ની મત્તાની ચોરી

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ

મહેમદાવાદ તાલુકાના ઝાલભાઈની મુવાડીમાં આવેલા વાઘેશ્વરી માતાજીના મંદિરમાં ત્રાટકેલાં તસ્કરોએ માતાજીના દાગીના ચોરી ફરાર થઈ ગયાં હતાં. આ ઉપરાંત નડિયાદના માઈમંદિરના પાર્કિંગમાંથી બાઇક ચોરાયાંની ફરિયાદ નોંધાઈ છે.

મહેમદાવાદ તાલુકાના ઝાલભાઈની મુવાડી ગામે આવેલાં વાઘેશ્વરી માતાજીનું મંદિરમાં તા.10મીની રાત્રિના કોઈ અજાણ્યા તસ્કરોએ ત્રાટક્યાં હતાં. તસ્કરોએ માતાજીના મંદિરના અંદરના ભાગે આવેલા દરવાજાનું તાળું તોડી અંદરથી માતાજીની મૂર્તિનો ચાંદીનો મુગટ, ચાંદીના છતરો નંગ-20, માતાજીની સોનાની નથણી મળી કુલ રૂ. 8500ની મત્તાના આભૂષણોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે ચંદુભાઈ મંગળભાઈ ડાભીની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.જે. ઠાકોર ચલાવી રહ્યા છે.

નડિયાદ માઈદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા રમેશભાઈ પરમારનું બાઇક જી.જે.7.એ.પી-7686 માઈમંદિરના પાર્કીંગમાંથી ચોરી થઇ ગયું હતું.

# ખેડા ને માતર તાલુકા પં.ની 5 બેઠકોમાં ઓછું મતદાન

ભાસ્કર ન્યૂઝ. નડિયાદ

ખેડા તાલુકા પંચાયતની ચાર બેઠકો અને માતર તાલુકાની એક બેઠકની પેટાચૂંટણી રવિવારે યોજાઈ હતી. આ ચૂંટણીમાં સવારથી જ મતદારોમાં નિરસતા જોવા મળી હતી. કારણકે દિપાવલી પર્વના નજીક દિવસો હોવાથી મહિલાઓ સહિત પુરૂષો પણ ઘરકામ તથા ખેતીના કામમાં વ્યસ્ત હોવાથી મતદાનનું પ્રમાણ ઓછું નોંધાયુ હતું. જેમાં અંદાજીત સૌથી વધુ સાખેજ બેઠકનું 62.26 ટકા મતદાન થયુ હતું અને સૌથી ઓછું મતદાન મહિજ બેઠકનું 38.79 ટકા નોંધાયુ હતું. આ ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

ખેડા તાલુકા પંચાયતની ગોબલજ, મહિજ, નાયકા, સાંખેજ અને માતર તાલુકા પંચાયતની ઉંઢેળા બેઠક વિવિધ કારણોસર ખાલી જગ્યા પડી હતી. આ પાંચેય બેઠકોની પેટાચૂંટણી રવિવારે સવારે 7 થી સાંજે 5 કલાક દરમિયાન યોજાઈ હતી. સવારથી જ મતદારોમાં કોઈ ઉત્સાહ જોવા મળ્યો નહતો. બપોર પછી અમુક બુથો ઉપર સામાન્ય મતદારોની લાઈનો જોવા મળી હતી. ખેડા તાલુકા પંચાયતની બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં થયેલ મતદાનની વિગતો જોઈએ તો, ગોબલજ બેઠક પર 5272 પૈકી 2796 મતદારોએ મતદાન કરતાં 53.00 ટકા મતદાન નોંધાયુ હતું. મહિજ બેઠક પર 5346 પૈકી 2074 મતદારોએ મતદાન કરતાં અંદાજીત 38.79 ટકા મતદાન થયુ હતું. નાયકામાં 4476 પૈકી 2001 મતદારોએ પોતાના મતનો ઉપયોગ કર્યો હતો અને સરેરાશ 44.70 ટકા મતદાન નોંધાયુ હતું. સાંખેજ બેઠક પર 5098 પૈકી 3276 મતદારોએ મતદાન કરતાં 62.26 ટકા મતદાન નોંધાયુ હતું. તેમજ માતર તાલુકા પંચાયતની ઉંઢેળા બેઠક પર 5524 મતદારો પૈકી 2794 મતદારોએ પોતાન મતનો ઉપયોગ કર્યો હતો. જેથી સરેરાશ 48.76 ટકા મતદાન નોંધાયુ હતું. આ મતદાન પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ બન્યો નહતો. શાંતિપૂર્ણ રીતે ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં ચૂંટણીતંત્રએ હાશકારો અનુભવ્યો હતો. આ મતદાનની ગણતરી તા. 14મીના રોજ જે - તે તાલુકા પંચાયતમાં યોજાનાર છે.

## ચંદન ચોરીમાં વોન્ટેડ બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ. આણંદ

ચંદન ચોરીના ગુનામાં ચાર વર્ષથી વોન્ટેડ બે આરોપીને પેટલાદના સિલવાઇ ગામેથી પોલીસે ઝડપી લેવામાં આવ્યાં હતાં.

પેરોલ ફર્લો સ્કવોડ પોલીસના જણાવ્યાં મુજબ જૂનાગઢ ખાતે 2010માં એક ચંદન ચોરીનું નેટવર્ક પકડાયું હતું. જે અંગે જૂનાગઢ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. આ ગુનામાં સિલવાઇ ખાતે રહેતો અરવિંદ મફતભાઇ તળપદા અને નારણભાઇ ગોકળભાઇ તળપદાનું નામ ખૂલ્યું હતું. આ ગુનામાં આ બંને આરોપી ચાર વર્ષથી વોન્ટેડ હતાં. દરમિયાન અરવિંદ તળપદા પેટલાદ રેલવે સ્ટેશન આવનાર હોવાની બાતમી આધારે શનિવારે મોડી સાંજે વોચ ગોઠવી ઝડપી લેવામાં આવ્યો હતો. આ ઈસમને લાવી અન્ય વોન્ટેડ આરોપી નારણભાઇ તળપદા બાબતે પુછપરછ કરવામાં આવતાં અરવિંદ તળપદાએ સિલવાઇનો નારાણભાઇ રવિવારે તેના ઘરે આવનાર હોવાની માહિતી આપી હતી. જે આધારે રવિવારે બપોરના સમયે સિલવાઇ ગામે છાપો મારી આરોપી નારણભાઇ તળપદાને ઝડપી લેવામાં આવ્યો હતો.

## ચકલાસીમાં સામાન્ય ઝઘડામાં યુવક પર જીવલેણ હુમલો

ભાસ્કર ન્યૂઝ. નડિયાદ

નડિયાદ તાલુકાના ચકલાસી તાબે કેવલનગરમાં સામાન્ય ઝઘડામાં ચાર ઈસમોએ ભેગા મળી એક યુવકને માથામાં પાવડાના ફટકા મારી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી.

ચકલાસી તાબે કેવલનગરમાં રહેતા મહેશભાઈ વાઘેલાની દિકરી ઝીલબેન પોતાની માતા મધુબેનને ગાંડી ગાંડી કહી મઝાક-મશ્કરી કરતી હતી. આ વખતે તેઓના કુટુંબી મયંકભાઈ પૂજાભાઈ વાઘેલા ગમે તેમ અપશબ્દો બોલતા હોય, નયનાબેન તથા મહેશભાઈના પત્ની મધુબેને અપશબ્દો બોલવાની ના પાડી હતી.

આથી, મયંકભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાના હાથમાંનો પાવડો લઈ અપશબ્દો બોલતો હોય, મહેશભાઈએ અપશબ્દો બોલવાની ના પાડી હતી. આ વખતે શારદાબેન પૂજાભાઈ વાઘેલાએ મહેશભાઈની ફેંટ પકડી રાખતાં મયંકભાઈએ મહેશભાઈના માથાના ભાગે ઉપરા છાપરી પાવડાના ફટકા મારતાં તેઓ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ફસડાઈ પડ્યા હતા. આ વખતે સેજલબેન પૂજાભાઈ વાઘેલાએ મયંકભાઈ પાસેથી પાવડો ખેંચી નયનાબેનના માથામાં મારી દઈ ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે ઉમેશભાઈ પૂજાભાઈ વાઘેલાએ તેઓનું ઉપરાણું લઈ આવી નયનાબેનને કપાળના ઉપરના ભાગે ડંડો મારી તથા શારદાબેને લાતો મારી મહેશભાઈને જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ સંદર્ભે ચકલાસી પોલીસે મહિલા સહિત ત્રણ ઈસમ સામે ગુનો નોંધી વધુ તપાસ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# જિલ્લામાં અકસ્માતના બે બનાવોમાં બેનાં મૃત્યુ

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ

ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનેલા બે જુદા જુદા બનાવોમાં બે વ્યકિતઓના મૃત્યુ નીપજ્યા હતા.

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના કુંડળ ગામના વિજયભાઈ અરજણભાઈ સેંધવ પોતાની મોટરસાયકલ નં. જી.જે.1.પી. ક્યુ-4436 લઈ સાણંદથી આણંદ તરફ જતા હતા. તેઓ સવારે 6.45 કલાકે માતર તાલુકાના રઘવાણજ ગામની સીમમાં આવેલ ગુરૂનાનક હોટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પુરપાટ ઝડપે આવતી એક ટ્રક નં. જી.જે.1.સી. એક્સ-9853ના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને બેફિકરાઈથી હંકારી સામેથી આવતાં વિજયભાઈની મોટરસાયકલને ટક્કર મારતાં વિજયભાઈ તથા બાઈક રોડ પર પડી ગયા હતા. આ વખતે ટ્રકનું વ્હીલ વિજયભાઈના માથા ઉપર ફરી વળતાં તેઓને ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યુ હતું. અકસ્માત બાદ ટ્રકનો ચાલક પોતાની ટ્રક લઈ ભાગી ગયો હતો. આ બનાવ સંદર્ભે ભાવીનભાઈ હરિજન (રહે. રઘવાણજ)નાઓએ માતર પોલીસ મથકે ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પોસઈ પી.ડી.રાજ ચલાવી રહ્યા છે. જ્યારે માર્ગ અકસ્માતનો બીજો બનાવ ડાકોર-ઠાસરા રોડ પર બન્યો હતો. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મંગળપુર ગામના અશ્વિનભાઈ પી પટેલ પોતાની મોટરસાયકલ નં. જી.જે.7.બી. ક્યુ-3755 લઈ ઠાસરાથી ડાકોર તરફ જઈ રહ્યા હતા.

તે દરમિયાન તેઓએ પોતાની મોટરસાયકલ પુરઝડપે હંકારી અચાનક બ્રેક મારતાં બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી. જેથી અશ્વિનભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યુ હતું. આ બનાવ સંદર્ભે ઠાસરાના ભાવીનભાઈ પટેલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ શાંતિલાલ ચલાવી રહ્યા છે.

## વાસદમાંથી બીમાર હાલતમાં મળેલાં મહિલાનું મોત

ભાસ્કર ન્યૂઝ. આણંદ

આણંદ તાલુકાના વાસદ ગામમાંથી બિમાર હાલતમાં મળેલી અજાણી સ્ત્રીનું વડોદરા હોસ્પિટલમાં સારવાર બાદ મોત નિપજ્યું હતું.

ગત મંગળવારના રોજ વાસદ ગામમાં એક બિમાર હાલતમાં અજાણી બાઇ પડી હતી. તેને 108 દ્વારા વડોદરા એસએસજી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. દરમિયાન રવિવારે આ 40 વર્ષના આશરાની અજાણી મહિલાનું સારવાર બાદ મોત નિપજ્યું હતું. આ અંગે વાસદ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પાસ શરૂ કરી છે.

STUDY IN CANADA | SPOT ASSESSMENT
GEORGIAN COLLEGE | By Country Representative
* 100% Application Fees waiver offers
Facts of Georgian College :
For January 2015 Intake
• One of the largest Co-op colleges in Canada
• 7 campuses - 43 countries represented
• 11,000 full- time students AND 700 international students
• One of the highest Employment rates for the past 12 yrs.
• Ranked 3rd worldwide in International Student Satisfaction
Date & Time of Session :
Date : 14th October, 2014 (Tuesday) • Time : 3.30 to 5.30 pm.
ESPI Visa Consultants Pvt. Ltd. 207 Sigma Complex, Above D-mart, Nr. Sardar Patel Statue, V.V. Nagar.
Email: ask@espiconsultants.com | Web Site: www.espiconsultants.com
CONTACT FOR STUDY IN USA, UK, NZ, AUSTRALIA & GERMANY
For prior appointment, plz. contact us on :
+91-2692-237166, Mob.: 9537833777, 9574874777

સૌ પ્રથમવાર
આણંદ શહેરમાં !!
આજે છેલ્લો દિવસ
exhibition cum
SALE
■ ટ્રેડીશનલ / ડીઝાઇનર સાડી
■ ચણીયા ચોલી ■ ડ્રેસીસ
■ મેન્સ્ એથનીક વેર
સન્ ૧૯૪૧ થી
ગૌરી GAURI
નારીના રૂપની સાચી ઓળખ
સ્થળ : ૧લો માળ, હોટલ સેફ્રોન શીવ શમમ કોમ્પલેક્ષ, એચ.એમ.પટેલ સ્ટેચ્યુ પાસે, રૂતુ આઇસ્ક્રીમની સામે, વિદ્યાનગર રોડ, આણંદ.
આયોજક : ગૌરી - વડોદરા

## શ્રધ્ધાંજલિ



નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

સ્વ. જશભાઈ મગનભાઈ પટેલ
(બાકરોલ / આણંદ)

: જન્મ તારીખ : ૦૯-૧૦-૧૯૨૧
: દેહવિલય : તા. ૧૦-૧૦-૨૦૧૪

મૂળ ગામ બાકરોલના વતની અને હાલ આણંદ સ્થાયી થયેલ **જશભાઈ મગનભાઈ પટેલ** તા. ૧૦-૧૦-૨૦૧૪ને શુક્રવારના રોજ જૈફ વયે દેવલોક પામ્યા છે.

**જશભાઈ એમ. પટેલની** ઉદ્યોગ સાહસિક તરીકેની કારકિર્દી અત્યંત રોમાંચક રહેલી છે. બર્મામાં શિક્ષક તરીકેની નોકરી મેળવી ત્યારબાદ પાછા બાકરોલ આવી સ્વાતંત્ર્યની ચળવળમાં જોડાયા અને સામરખા ગામે શિક્ષક તરીકેની નોકરી કરી. ભાઈની ચ્હાની દુકાનમાં જોડાયા. ત્યારબાદ પોલસન ડેરીમાં કામ કર્યું. ઉદ્યમી **શ્રી જશભાઈએ** સંઘર્ષ અને સર્જન કરી મિત્ર કમ ભાગીદાર એવા શ્રી પુરૂષોત્તમ પંચાલ સાથે પાપડ વણવાનું, સેવ પાડવાનું, ડાંગર ખાંડવાનું મશીન બનાવ્યું. મિત્રો પાસેથી વલોણું બનાવવાની પ્રેરણા મેળવી વલોણયંત્ર બનાવ્યું. દૂધની ડેરીઓ શરૂ થતાં વલોણાં ગયાં અને ધંધો પડી ભાંગ્યો. મિત્ર સાથે વિચાર વિમર્શ કરી કઠોર પરિશ્રમ થકી ૧૯૭૫માં ઈલેક્ટ્રીક ઘરઘંટી બનાવી. જેને મિલ્સેંટ નામ આપ્યું. એ છોડ આજે મિલ્સેંટ ગ્રુપ તરીકે વિકસિત થઈને મોટું વટવૃક્ષ બની રહેલ છે.

સમાજ ફલક પરની શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ-માતૃસંસ્થાએ ૧૯૯૪માં સહિયારી શિક્ષણયાત્રાના પગરણ માંડ્યાં અને આણંદ ખાતે શૈક્ષણિક સંકુલ સ્થાપવાનું વિચાર્યું તે સમયે ઉદાર દિલના દિલાવર દાતાશ્રી **શ્રી જશભાઈ એમ. પટેલે** શ્રી ચરોતર મોટી સત્તાવીસ કેળવણી મંડળને મસમોટું માતબર દાન આપતાં શૈક્ષણિક સંકુલ આણંદમાં જશકમલ (મિલ્સેંટ) વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.

શિક્ષણયાત્રાના પગલે ચારૂસેટ હેલ્થકેર એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનની સ્વાસ્થ્યયાત્રા- ચારૂસેટ હોસ્પિટલમાં **શ્રી જશભાઈ એમ. પટેલ** અને પરિવાર તરફથી મસમોટું દાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત સમાજના જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાય અને પારિતોષિક માટે ટ્રસ્ટ ફંડમાં પણ તેમનું યોગદાન છે. વિશેષમાં સંસ્થાના વિકાસઅર્થે અન્ય દાતાશ્રીઓ તરફથી સહયોગ મેળવી આપવામાં પણ તેઓની મહત્વની ભૂમિકા રહેલી છે.

ચારૂસેટ કેમ્પસ ખાતે કેળવણી મંડળની આગવી પરંપરા અનુસાર તા. ૧-૩-૨૦૧૪ના રોજ તેઓશ્રીને દાન ભાસ્કર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

'જય ભગવાન'ના મધુર રણકાર સાથે સૌને આવકારતા શ્રી **જશભાઈ એમ. પટેલનું** સરળ વ્યકિતત્વ ને માયાળુ સ્વભાવ હંમેશા યાદ રહેશે. કુટુંબ માટે તો એક પ્રેરણા સ્રોત રહ્યા જ સાથે સાથે સમાજ સેવાના ભેખધારી એક સાચા સમાજ સેવક તરીકે સંસ્થાઓના વિકાસમાં તેઓ કાર્યરત રહેતા. સમાજ પરિવારે એક વિરલ, નિષ્ઠાવાન સમાજ સેવક અને દિલાવર દાતા ગુમાવ્યો છે.

• શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ-માતૃસંસ્થા • કેળવણી મંડળ • ચારૂસેટ યુનિવર્સિટી
• ચારૂસેટ હોસ્પિટલ - સમાજ પરિવારજનો સ્વ. જશભાઈ એમ. પટેલના કુટુંબીજનોને હાર્દિક દિલસોજી પાઠવે છે.

સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

: શ્રધ્ધાંજલિ સભા :
તારીખ : ૧૪-૧૦-૨૦૧૪ , મંગળવાર, સમય : સાંજે ૩:૩૦ કલાકે

: સ્થળ :
શ્રી અંબાલાલ આઈ. પટેલ ઑડીટોરીયમ, શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન્સ,,ચારૂસેટ યુનિવર્સિટી કેમ્પસ, ચાંગા.

આપના ગુણાનુરાગી

નગીનભાઈ એમ. પટેલ
પ્રમુખ : માતૃસંસ્થા અને ચારૂસેટ હેલ્થકેર એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

ડૉ. બી. જી. પટેલ
પ્રોવોસ્ટ : ચારૂસેટ યુનિવર્સિટી

સુરેન્દ્ર એમ. પટેલ
પ્રમુખ : કેળવણી મંડળ અને ચારૂસેટ

ડૉ. એમ. સી. પટેલ
માનદ્ મંત્રી : માતૃસંસ્થા-કેળવણી મંડળ - ચારૂસેટ હેલ્થકેર એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

તથા સમગ્ર સમાજ પરિવાર